દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૨ વર્ષ

શુક્રવાર ૧૮ જુલાઈ, ૨૦૨૫

# ભારતના EFTA સાથે કરારથી અર્થતંત્રને લાભની આશા

વિશ્વમાં આજકાલ વેપાર કરારોની મોસમ ચાલી રહી છે. ભારત અને યુકે વચ્ચે મુક્ત વેપાર કરાર થયા, અમેરિકા સાથે વચગાળાના વેપાર કરારની વાતો ચાલી રહી છે તે વચ્ચે ભારત અને યુરોપના ચાર દેશોના વેપારી સહકાર સંગઠન એફ્ટા વચ્ચે મુક્ત વેપાર કરાર થયા છે. શુક્રવારે અહેવાલ આવ્યા કે સ્વિટ્ઝર્લેન્ડે આખરે ભારત અને યુરોપિયન ફ્રી ટ્રેડ એસોસિએશન (EFTA) વચ્ચેના સીમાચિહ્નરૂપ વેપાર કરાર માટે બહાલી પ્રક્રિયા પૂર્ણ કરી છે જે વેપાર અવરોધો ઘટાડશે અને સ્વિસ નિકાસ માટે ભારતીય બજારને નોંધપાત્ર રીતે ખુલ્લું કરશે. સ્વિટ્ઝર્લેન્ડે આ કરારને બહાલી આપી તે સાથે ભારત અને એફ્ટા વચ્ચે મુક્ત વેપાર કરાર ઓક્ટોબરથી અમલમાં આવવા માટેનો તખ્તો ગોઠવાઇ ગયો છે. EFTA એટલે યુરોપિયન ફ્રી ટ્રેડ એસોસિએશન. તે એક પ્રાદેશિક વેપાર સંગઠન અને મુક્ત વેપાર ક્ષેત્ર છે જેમાં ચાર યુરોપિયન દેશોનો સમાવેશ થાય છે: આઇસલેન્ડ, લિક્ટેંસ્ટાઇન, નોર્વે અને સ્વિટ્ઝર્લેન્ડ. EFTA ની સ્થાપના યુરોપ અને વૈશ્વિક સ્તરે તેના સભ્ય દેશો વચ્ચે મુક્ત વેપાર અને આર્થિક એકીકરણને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવી હતી. EFTA ની સ્થાપના 1960 માં સાત દેશો દ્વારા કરવામાં આવી હતી, પરંતુ સમય જતાં, કેટલાક સભ્યો યુરોપિયન યુનિયન (EU) માં જોડાયા, જેના કારણે આઇસલેન્ડ, લિક્ટેંસ્ટાઇન, નોર્વે અને સ્વિટ્ઝર્લેન્ડ બાકીના સભ્યો તરીકે રહ્યા. જ્યારે EFTA અને EU અલગ અલગ સંસ્થાઓ છે, ત્યારે ખાસ કરીને યુરોપિયન ઇકોનોમિક એરિયા (EEA) દ્વારા ગાઢ સંબંધ છે, જેમાં આઇસલેન્ડ, લિક્ટેંસ્ટાઇન અને નોર્વેનો સમાવેશ થાય છે. આમ જોવા જાવ તો એફ્ટા એ ચાર યુરોપિયન દેશોનું એક નાનુ સંગઠન છે અને આ સંગઠન સાથે ભારતનો મુક્ત વેપાર કરાર થયો છે. આ કરાર સાથે હવે આ દેશો ભારતમાં વિના અવરોધે કે ઓછા અવરોધે અને ભારત આ દેશોમાં એ રીતે જ નિકાસો કરી શકશે.

ભારત અને એફ્ટા વચ્ચે મુક્ત વેપાર કરાર થયા તે ઓક્ટોબરથી અમલમાં લાવવાની યોજના છે. ભારતમાં સ્વિસ રાજદૂત માયા તિસાફીએ સ્વિટ્ઝર્લેન્ડ દ્વારા વેપાર કરારને બહાલી આપવાને નવી દિલ્હી સાથેના તેમના દેશના દ્વિપક્ષીય સંબંધોમાં મહત્વપૂર્ણ સીમાચિહ્ન ગણાવ્યું હતું. રાજદૂતે જણાવ્યું હતું કે વેપાર અને આર્થિક ભાગીદારી કરાર (TEPA) ઓક્ટોબરમાં અમલમાં આવવાની અપેક્ષા છે. મેગા ટ્રેડ કરાર હેઠળ, આઇસલેન્ડ, લિક્ટેંસ્ટાઇન, નોર્વે અને સ્વિટ્ઝર્લેન્ડ જેવા EFTA દેશો આગામી ૧૫ વર્ષમાં ભારતમાં ૧૦૦ અબજ ડોલરનું રોકાણ કરવા વિચારી રહ્યા છે. આઇસલેન્ડ, લિક્ટેંસ્ટાઇન અને નોર્વે પહેલાથી જ વેપાર કરારને બહાલી આપી ચૂક્યા છે. માર્ચમાં, ચાર દેશોના યુરોપિયન જૂથે લગભગ ૧૬ વર્ષની વાટાઘાટો પછી ભારત સાથે TEPA પર હસ્તાક્ષર કર્યા હતા. સ્વિસ કાઉન્સિલ ઓફ સ્ટેટ્સ દ્વારા મંજૂર કરવામાં આવ્યાના સાત મહિનાથી વધુ સમય પછી સ્વિટ્ઝર્લેન્ડ દ્વારા વેપાર કરારને બહાલી આપવામાં આવી છે. TEPA આપણા દેશો વચ્ચે લાંબા ગાળાના સહયોગ માટે માર્ગ મોકળો કરે છે. ઘટાડેલા ટેરિફ ઉપરાંત, તે કસ્ટમ પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવામાં, બૌદ્ધિક સંપદા સુરક્ષા વધારવામાં અને ટકાઉ વેપાર પ્રથાઓ માટે એક માળખું સ્થાપિત કરવામાં મદદ કરશે એમ તિસાફીએ જણાવ્યુ હતું. સૌથી અગત્યનું, EFTA રાજ્યો 15 વર્ષમાં ભારતમાં USD 100 બિલિયનનું રોકાણ કરશે અને 10 લાખ (10 લાખ) નોકરીઓનું સર્જન કરશે, તેમણે ઉમેર્યું કે આ સામેલ તમામ દેશો માટે વિન-વિનની પરિસ્થિતિ હશે. હાલમાં, સ્વિટ્ઝર્લેન્ડ ભારતમાં 12મું સૌથી મોટું રોકાણકાર છે. એફ્ટામાં સ્વિર્ઝલેન્ડ એ સૌથી શક્તિશાળી દેશ છે અને તેની સાથેના વેપારી સંબંધો જ ભારત માટે વધુ મહત્વના છે. ભારતમાં સ્વીટ્ઝલેન્ડનું રોકાણ એ દેશના અર્થતંત્રને વેગ આપવામાં સારો ફાળો આપી શકે તેવી આશા છે. TEPA ઓક્ટોબરમાં અમલમાં આવવાની અપેક્ષા છે, જે મહિનાથી આ કરાર અમલમાં આવશે. તિસાફીએ જણાવ્યું હતું કે સ્વિસ સરકારની પ્રાથમિકતા ભારતમાં રોકાણ કરવા માંગતી સ્વિસ કંપનીઓ માટે TEPA ને સફળતાપૂર્વક અમલમાં મૂકવાની રહેશે. ભારતમાં 330 થી વધુ સ્વિસ કંપનીઓ એન્જિનિયરિંગ, સેવાઓ, રસાયણો અને ફાર્માસ્યુટિકલ્સ જેવા ક્ષેત્રોમાં હાજર છે, જ્યારે ભારતીય કંપનીઓ સ્વિટ્ઝર્લેન્ડમાં IT, ફાર્માસ્યુટિકલ્સ અને મશીનરી જેવા ક્ષેત્રોમાં હાજરી ધરાવે છે. TEPA ભારતીય નિકાસકારોને મોટા યુરોપિયન અને વૈશ્વિક બજારોમાં પ્રવેશ મેળવવા માટે એક વિન્ડો પ્રદાન કરશે તેવી અપેક્ષા છે, ઉપરાંત ચાર EFTA દેશોની કંપનીઓને ભારતમાં વ્યવસાયો અને રોકાણનો વિસ્તાર કરવાની મંજૂરી આપશે.

આશા રાખીએ કે બધા પાસાઓનો વિચાર કરીને જ આપણા વેપાર મંત્રાલયે આ કરાર કર્યો હશે. અમેરિકા સાથેના વેપાર કરાર સંબંધમાં વાણિજય મંત્રીએ કહ્યું હતું કે દેશના હિતને સર્વોચ્ચ રાખીને જ વેપાર કરાર કરવામાં આવશે, તે જ બાબત એફ્ટા સાથેના વેપાર કરારમાં પણ ધ્યાનમાં રાખવામાં આવી હશે. એફ્ટના સભ્ય દેશો આ કરાર સાથે ભારતમાં મુક્તપણે પોતાનો માલ ઠાલવી શકશે તેથી સ્થાનિક ઉત્પાદનોના હિતો જોખમાય નહીં તેનો પુરો ખયાલ રાખીને જ આ કરાર કરવામાં આવ્યો હશે. ભારતમાં જો વિદેશી રોકાણ વધવાથી દેશના અર્થતંત્રને લાભ થતો હોય અને સ્થાનિક વેપારીઓ, ખેડૂતો, કર્મચારીઓના હિતો જોખમાતા ન હોય તો એવા વિદેશી રોકાણો અને કરારો આવકાર્ય જ હોય.

## ઈશ્વર જે કરે તે

ભગવાન રામના અવતારની કહાની જોઇને એટલું તો સમજાય છે કે જીવનમાં જે થાય છે તે નિર્ધારિત હોય છે અને ઈશ્વર જ તે નક્કી કરે છે અને તેની ઈચ્છા પ્રમાણે જ થાય છે.પામર મનુષ્ય કંઈ નથી કરી શકતો.

રામાયણમાં હનુમાનજી સમુદ્ર લાંઘીને લંકા પહોંચે છે. આ શક્તિ ભગવાન જ તેમને આપે છે. અશોકવાટિકામાં હનુમાનજી પહોંચે છે ત્યારે હજી તેઓ સીતા માતા સમક્ષ કેમ જવું તે વિચારતા હોય છે તે પહેલાં રાવણ આવે છે. સીતાને ડરાવે છે અને સીતામાતા હાથમાં તણખલાની ઓથ લઇ રાવણને તેની ભૂલ કહે છે ત્યારે રાવણ હાથમાં તલવાર લઈને સીતાને મારવા દોડે છે ત્યારે હનુમાનજી ત્યાં હાજર હોય છે. તેમને થાય છે આગળ વધી તલવાર લઇ રાવણનું જ ગળું કાપી નાખું.પણ તેમ તેઓ કરે તે પહેલાં રાવણની રાણી મંદોદરી જ રાવણને સ્ત્રી પર હથિયાર ઉગામતાં રોકી લે છે.અહીં સીતા માતાની ભાળ લાવવાનું કામ પ્રભુ હનુમાનજી પાસે કરાવે છે પણ તેમને બચાવવાનું કામ મંદોદરી પાસે કરાવે છે.

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

આગળ ત્રિજટા બધાને પોતાના સપનાની વાત કરે છે કે એક વાનરે સપનામાં લંકા બાળી. આ સાંભળી હનુમાનજી વિચારે છે કે મારે તો માત્ર સીતા માતાની ભાળ જ કાઢવાની છે.લંકા બાળવાની કોઈ સૂચના નથી અને મારી પાસે તો એવાં કોઈ સાધન પણ નથી.

હશે જેવી પ્રભુની ઈચ્છા. આગળ હનુમાનજી સીતા માતાને મળે છે.અશોકવાટિકા ઉજાડે છે.રાવણના પુત્ર અક્ષયકુમારને મારી નાખે છે. ઇન્દ્રજીત તેમને બ્રહ્માસ્ત્રથી બાંધીને રાવણ સામે લઇ જાય છે અને રાવણ રામના દૂતને જોઈ અને તેમની વાત સાંભળી ગુસ્સે થઈ મારી નાખવાની વાત કરે છે ત્યારે વિભીષણ આવીને રાવણને સમજાવે છે કે 'રાજનીતિ અનુસાર દૂતને મારી ન શકાય. હા, કોઈ સજા જરૂર કરી શકાય. અહીં હનુમાનજી સમજી જાય છે કે મને બચાવવાનું કામ ભગવાન વિભીષણ પાસે કરાવે છે. રાવણ હનુમાનજીની પૂંછડી બાળવાનો હુકમ આપે છે અને હનુમાનજીને પૂંછડી પર કપડાં વીંટાળી તેલ છાંટી આગ ચાંપવામાં આવે છે. અહીં લંકાને બાળવામાં જરૂરી તૈયારી ભગવાન રાવણ દ્વારા જ કરાવે છે. હનુમાનજી સમજી જાય છે કે આ બધી જ પ્રભુની ઈચ્છા છે; ભગવાન જે ઈચ્છે તે કામ કરવા માટે કોઈ ને કોઈને નિમિત્ત બનાવે છે.

યાદ રાખજો. આ સંસારમાં જે કંઈ પણ થાય છે તે ઈશ્વરની ઈચ્છા પ્રમાણે જ થાય છે, બાકી બધાં તો માત્ર તેના હાથનાં રમકડાં છે. ભગવાન પર ભરોસો રાખવો કે તે જે કંઈ કરશે તે સારા માટે જ કરશે. કારણ તેની ઈચ્છા જ બળવાન છે. માટે ક્યારેય અભિમાન કરવું નહિ કે આ કાર્ય મારા લીધે થાય છે અને ક્યારેય ડરવું નહિ કે શું થશે. પ્રભુને મંજૂર હશે તે થશે.

# રાધિકા યાદવની હત્યા: ઓનરકિલિંગનો જ એક પ્રકાર

## કહેવાની વાત

નેહા શાહ

**ક્યાંક નથી ને કે સંસ્કૃતિ બચાવવાના પ્રયત્નોના આ પ્રવાહમાં દીકરીઓની જિંદગીને વધુ નિયંત્રિત કરવી વાજબી લાગવા લાગ્યું છે? આમેય આબરૂ, સંસ્કૃતિ, પરંપરાને સાચવવાનો ભાર સ્ત્રીઓના ખભે વધારે હોય છે!**

“ક્યાંસુધી પુરુષોના નાજુક અહંકારને કારણે છોકરીઓની હત્યા થતી રહેશે?” આ સવાલ રાધિકા યાદવની મિત્ર અને ટેનિસ ખેલાડી હિમનશીખા સિંહ રાજપૂત પૂછે છે. માત્ર હિમનશીખા જ નહીં, દેશની દરેક દીકરી આ પ્રશ્ન પૂછે છે. આ એ જ રાધિકા યાદવની વાત છે જે આંતરરાષ્ટ્રીય સ્તરે મહિલા ટેનિસમાં ભારતનું પ્રતિનિધત્વ કરી ચૂકી હતી, જેની ૧૦મી જુલાઈની સવારે ગુડગાંવ ખાતેના એના ઘરમાં તેના પિતાએ જ ગોળી મારી હત્યા કરી. ખભાની એક ઈજા પછી તે સ્પર્ધામાં ભાગ લઈ શકતી ન હતી તો એણે ટેનિસ એકેડમી શરૂ કરી. એકેડમીમાંથી આવતા પૈસા અને ખ્યાતિના એની આજુબાજુના સમાજને પસંદ આવી ના એના પિતાને! પોલીસ સામે કરેલી કબુલાત પ્રમાણે તો સમાજનાં લોકો એને ટોણાં મારતાં હતાં કે એ દીકરીની કમાણી પર જીવી રહ્યો છે, જેની એને ખૂબ શરમ આવતી હતી. એમણે રાધિકાને ટેનિસ એકેડમી છોડી દેવા દબાણ કર્યું પણ રાધિકા માની નહિ, જે દીપક કુમારના અહમને માફક ના આવ્યું, એ ભલે ને જન્મદાતા જ કેમ ના હોય!

કહે છે કે રાધિકાના પિતા દીપકકુમાર પોતાની દીકરીને ખૂબ પ્રેમ કરતા હતા, તેમ છતાં એની પર ગોળી ચલાવવાની હરકત કરી બેઠા! જેનો એમના ચહેરા પર કોઈ રંજ દેખાતો ન હતો! એક પિતા દીકરીને પ્રેમ કરતાં જ હોય પણ એ બિનશરતી હોય એ જરૂરી નથી. સામાજિક ધારાધોરણોના દબાણની પરવશતા આવતી જ હોય છે. લોકો શું કહેશે એ ડરનો ભાર એટલો મોટો હોય છે કે માણસ લોક અભિપ્રાયને જ યોગ્ય માની પોતાની રીતે સાચું ખોટું નક્કી કરતો જ નથી. પિતૃસત્તાક મૂલ્યો સ્ત્રી અને પુરુષ બંનેની ભૂમિકા નક્કી કરે છે. આ કિસ્સામાં રાધિકા અને દીપકકુમાર બંને એનો ભોગ બન્યાં. દીપકકુમાર પિતા તરીકે દીકરીની જિંદગી પર નિયંત્રણ રાખવાનું યોગ્ય સમજતા હોઈ, સમાજનાં ટોણાં પચાવી શક્યા નહિ. સમાજના નિયમોમાં બંધાઈને ચાલવાનું દબાણ એમણે માથે રાખ્યું. દીકરી આંતરરાષ્ટ્રીય કક્ષાએ રમવા સુધી પહોંચી છતાં એની વ્યક્તિગત સ્વતંત્રતા તેઓ સ્વીકારી શક્યા નહીં. જોવાનું એ છે કે સમાજમાં એવાં પણ લોકો છે કે હોનહાર દીકરીની સફળતાને બિરદાવવાને બદલે એના પર નિયંત્રણ નહિ રાખી શકવા બદલ તેના પિતાને મહેણાં-ટોણાં મારે!કોઈ પણ સ્ત્રી પોતાની પસંદગી પ્રમાણે જીવન વિતાવવાનું નક્કી કરે અને એ માટે સમાજ સામે ખુમારીથી ઊભી રહે તો પિતૃસત્તાક મૂલ્યોને પરવડતું નથી. છોકરીઓને સમાન શિક્ષણ આપો અને સમાન તક આપો - જેમ કે રાધિકાને ટેનિસ રમવાની તક મળી એનાથી માનસિકતા બદલાતી નથી. પિતૃસત્તાક મૂલ્યો સતત નક્કી કરતાં રહે છે કે છોકરી કોને મળી શકે, કોની સાથે વાત કરી શકે, કોને પ્રેમ કરી શકે, કામ કરી શકે કે નહિ, કપડાં કેવાં પહેરી શકે, સોશ્યલ મિડિયા વાપરી શકે કે નહિ... વિગેરે... વિગેરે.... આ નિયમોથી હટીને રહેનાર સામે આંગળી ચીંધાતી રહે, ધાકધમકી મળતા રહે, ઘરેલું મારપીટ પણ થતી રહે. આ બધા પિતૃસત્તાક હિંસાના પ્રકાર છે. એ સંદર્ભે રાધિકાની હત્યા 'ઓનરકિલિંગ' નો જ એક પ્રકાર છે. જો ઓનરકિલિંગની બહોળી વ્યાખ્યા કરવી હોય તો સ્ત્રીની સ્વાયત્તતા સામે પિતૃસત્તાક વ્યવસ્થાપ્રેરિત થતી હત્યા એમ કહી શકાય. કુટુંબની આબરુને સ્ત્રીની પવિત્રતા સાથે સાંકળતી સંસ્કૃતિમાં 'ઓનરકિલિંગ' તરીકે થતી હત્યા જોવા મળતી હોય છે જેનો ભોગ સ્ત્રીઓ અને એમના જોડીદાર પુરુષ બંને બનતાં હોય છે. સામાન્ય રીતે એની પાછળનું મુખ્ય કારણ સામાજિક ધોરણોથી વિરુદ્ધ જઈને થતાં પ્રેમ અને લગ્ન સંબંધ હોય છે કારણકે, સ્ત્રીની જાતીયતા અને જાતીય પસંદગી પર હંમેશાથી સામાજિક નિયંત્રણ રહ્યાં છે. પણ,ભણાવીગણાવીને પગ પર ઊભા રહેવા તૈયાર થયેલી દીકરીના કામ કરવા અંગે વાંધો પડ્યો હોય એવો કદાચ આ પહેલો કિસ્સો હશે. સ્વતંત્ર રીતે જીવતી દીકરીને લડી ધમકાવી કાબૂમાં રાખવી કે પછી જબરદસ્તી પરણાવી દેવાના અનેક પ્રસંગો આપણે જોતાં હોઈએ છીએ. પણ મામલો હત્યા સુધી પહોંચે એ ચોંકાવનારી બાબત છે. એવું તો ક્યાંક નથી ને કે સંસ્કૃતિ બચાવવાના પ્રયત્નોના આ પ્રવાહમાં દીકરીઓની જિંદગીને વધુ નિયંત્રિત કરવી વાજબી લાગવા લાગ્યું છે? આમેય આબરૂ, સંસ્કૃતિ, પરંપરાને સાચવવાનો ભાર સ્ત્રીઓના ખભે વધારે હોય છે!

જો કે,સોશ્યલ મિડિયા પર લવ જિહાદના નામે એક ટ્રેન્ડ શરૂ થયો છે, જ્યાં આ હત્યાને યોગ્ય ઠેરવવાના પ્રયત્ન શરૂ થઇ રહ્યા છે. નથી દીપકકુમારે પોતાના બયાનમાં એવું કશું કહ્યું કે નથી પોલીસ ફરિયાદમાં એવી કોઈ વાત આવી. પણ પિતા દ્વારા દીકરીની થયેલી હત્યાને બીજી કઈ રીતે વાજબી ઠેરવાય? આજના સમયમાં લવ જિહાદના નામે સહાનુભૂતિની દિશા ફંટાઈ શકે છે અને સ્ત્રીઓની સ્વાયત્તતાની વાત વિસારે પાડી શકાય છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

# લોકશાહીમાં ચૂંટણીને રમત માનનારાં લોકો અને પક્ષોને કાબૂમાં રાખવાનો કાયદો બનાવો

## રાજ કાજ ગુજરાત

કાર્તિકેય ભટ્ટ

**ગુજરાતમાં આ રોગ લાગુ થયો છે. છેલ્લાં વર્ષોમાં જ્યારે વિધાનસભાની ચૂંટણીઓ યોજાયા પછી વિપક્ષમાં ચુંટાયેલા નેતા પોતાની બેઠક પરથી રાજીનામું આપી સત્તા પક્ષમાં જોડાય અને ખાલી પડેલી બેઠક પર ફરી ચૂંટણી યોજાય! સત્તા પક્ષ આ જ નેતાને ,આ જ બેઠક પર ચૂંટણીની ટીકીટ આપે**

નાનાં બાળકો “ઘર ઘર રમે” તેમ હવે અતિ જવાબદાર પદ ઉપર બેઠેલાં ધારાસભ્યો ચૂંટણી-ચૂંટણી લડવાની વાતો કરતા થયા છે. તેમની જવાબદાર રાષ્ટ્રીય પાર્ટીના આગેવાનો પણ તેમને આવો વાણીવિલાસ કરતા રોકતા નથી અને ચૂંટણીલક્ષી રાજ રમતમાં રાજીનામાંનો ખેલ છેલ્લાં વર્ષોમાં ગુજરાતમાં બીજા કોઈ પણ રાજ્ય કરતાં ખૂબ ઊંચા દરે ચાલ્યો છે અને આ આખી ઘટનામાં પ્રજા તો બિચારી લાચાર નયને તાયફા જ જુવે છે. એ તો પ્લેન દુર્ઘટનાના આઘાત ભૂલે કે પુલ તૂટવાના દુ:ખડાં રોવે? એક બીજાને ચેલેન્જ આપનારા ધારાસભ્યો અત્યારે વરસાદમાં અને પૂરની સ્થિતિમાં પોતપોતાના વિસ્તારમાં પ્રજાકીય કામ કરવાની સ્પર્ધા કેમ નહીં કરતા હોય?

તેમના આકાઓ તેમને મતવિસ્તારમાં ફરવાની વાત કેમ નહીં કરતા હોય? કોઈ નાના મુદ્દા પર ચર્ચાઓ, આંદોલનો, પોલીસ કેસ કરનારા આ લોકશાહીને રમત બનાવી દેનારા સામે ચૂપચાપ તમાશો જુવે છે. વાત માત્ર અત્યારે રાજીનામાં માટે થયેલા હોકારા પડકારાની નથી. ગુજરાતમાં આ રોગ લાગુ થયો છે. છેલ્લાં વર્ષોમાં જ્યારે વિધાનસભાની ચૂંટણીઓ યોજાયા પછી વિપક્ષમાં ચુંટાયેલા નેતા પોતાની બેઠક પરથી રાજીનામું આપી સત્તા પક્ષમાં જોડાય અને ખાલી પડેલી બેઠક પર ફરી ચૂંટણી યોજાય! સત્તા પક્ષ આ જ નેતાને ,આ જ બેઠક પર ચૂંટણીની ટીકીટ આપે અને સમર્થકો આ જ બેઠક પર તેને ફરી જીતાડે. જીતે પણ કદાચ એ જ તો પ્રશ્ન એ થાય કે આ એક જ માણસને માત્ર આ પાર્ટીમાંથી આ પાર્ટીના ધારાસભ્ય બનાવવા આ ચૂંટણી કરવાની? આ ખર્ચ કોણ ભોગવે? શું કામ ભોગવે? આવા ખેલ પ્રજાએ મૂક પ્રેક્ષક બનીને ક્યાં સુધી જોયા કરવાના? આમાં પ્રજાનો શું વાંક? પ્રજા તો ધારે ત્યારે પોતાના પ્રતિનિધિને પાછો નથી બોલાવી શકતી.

વર્ષો પહેલાં ભારતમાં ચુંટાયેલા પ્રતિનિધિ રાતોરાત પક્ષપલટો કરતાં સરકારો પડી જતી અને લોકશાહીમાં લોકોના અધિકારો જ ગળી જવામાં આવતા. આ આયારામ ગયારામની નીતિ અટકાવવા કાયદો લાવવામાં આવ્યો કે ચુંટાયેલા ધારાસભ્યો, સંસદસભ્યો રાતોરાત પક્ષપલટો કરી શકશે નહિ.

તેમણે પહેલાં પદ ઉપરથી રાજીનામું આપવું પડશે પછી પક્ષ બળવાનો અને પછી ફરી ચૂંટણી લડવાની. આ કાયદામાં એક છૂટ રાખવામાં આવી કે જો કોઈ પાર્ટીના એક ચુંટાયેલા સભ્યોમાંથી એક તૃતિયાંશ સભ્યો એક સાથે બીજી પાર્ટીમાં જશે તો તેમનું ધારાસભ્યપદ ચાલુ રહી શકશે. વ્યક્તિગત પક્ષપલટા પર કાબૂ લાવવા બનેલા કાયદાએ સામુહિક પક્ષપલટાની દિશા બતાવી અને અનેક પાર્ટીઓ મોટા પાયે તૂટી!

ગુજરાતમાં ભાજપ આવા મોટા પલાયનનો ભોગ બનેલો પણ ભાજપ સત્તામાં આવ્યા પછી શિવસેના સહિત અનેક પક્ષો આ બહુમત પલાયનનો ભોગ બન્યા અને લાભ ભાજપને મળ્યો.

એક સમયે કહેવાતું કે ઈન્દિરા ગાંધી થાંભલો ઊભો રાખે તો તે પણ ચૂંટણી જીતી જાય. તેવું જ હવે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી વિષે બોલાય છે અને અનુભવાય છે. અનેક યોગ્ય લોકો મોદીના નામે ચુંટાઇ આવે છે અને માટે જ સતત જીતતી ભારતીય જનતા પાર્ટીમાં ઘણાં લોકો હવે ચૂંટણીને રમત માનતા થઇ ગયા છે. તેમને મન લોકોના મત તો ખિસ્સામાં પડેલા છે. જ્યારે ઈચ્છે ત્યારે વાપરી શકાય તેમ છે. આ અટકવું જોઈએ. આમાં તે શું થઇ શકે તેનો વિચાર થવો જોઈએ.

જો આ રમત અટકાવવી હોય, નેતાઓની નફ્ફટાઈ રોકવી હોય તો પ્રથમ તો પ્રજાએ નક્કી કરવું પડશે કે ચૂંટણી સમયે આપણે જે ધારાસભ્ય મત માંગવા આવે તેને પૂછવું પડશે કે તું જીતી ગયા પછી પાંચ વર્ષ સુધી સ્થિર મક્કમ રહીશ ને? તારે રાજીનામું આપવાનું થાય તો અમને પૂછીશ? ફરી મત માંગવા આવવાનું નહીં.

જો ઉમેદવાર જીત્યા પછી રાજીનામું આપે અને ફરી ચૂંટણીમાં ઊભો રહે તો પ્રજાએ તેને વોટ આપવો જ નહીં.

પણ આ ઉપાયો આદર્શ અને કાલ્પનિક છે. આ ચુંટાયેલા ધારાસભ્યો ચૂંટણી-ચૂંટણી રમવાની નફ્ફટાઈ બંધ ત્યારે જ કરે જો કાયદો બને કે ચુંટાયેલા ધારાસભ્ય ચાલુ ટર્મમાં રાજીનામું આપે તો બીજાં પાંચ વર્ષ સુધી ચૂંટણી લડી શકશે નહીં. કારણ કે પ્રજાએ તો તમને ચૂંટ્યા જ હતા.

રાજીનામું તમે આપ્યું છે તો થોડો આરામ કરો. પાર્ટી બદલો તેનો વાંધો નહીં. લોકસેવા કરો. ચૂંટણી પાંચ વર્ષ પછી જ લડી શકશો. આમ પણ દેશમાં વન નેશન વન ઈલેક્શનની વાત થાય છે . તો એક વિધાનસભા સીટ માટે એક જ વાર ચૂંટણીનો નિયમ કરવામાં શું વાંધો છે.

જો રાજીનામું આપ્યા પછી તરત ચૂંટણી લડવાની વાત પર કાયદેસર પૂર્ણવિરામ મુકાઈ જાય તો આ આવી કોનામાં કેટલી હિમ્મત છે ના હોકારા પડકારા અને જીતેલાં ઉમેદવારોને લાંચ કે ડર દ્વારા પક્ષપલટાની પ્રજાને લાચાર બનાવી દેનારી રમત બંધ થાય.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

## ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### આ મૃત્યુ એક પશુપાલકનું નથી

ખેડૂત ખેતી સાથે પશુપાલન કરતો હોય છે. ખેતીમાં મોટું ઉપાર્જન ન મળતું હોય તેવા સમયે ખેતી ખર્ચ અને માનવજીવન ટકી રહે તે માટે ભારતીય ખેડૂત પશુપાલન કરે છે માટે જ ભારત ખેતીપ્રધાન તરીકે ઓળખાય છે. ખેડૂત પોતાના પરિવારનું પોષણ થાય એટલું આપો આવું બોલતો હોય ત્યારે નાગરિકોની સહમતિથી કોઈ પણ પેનલમાં વહીવટી શાખા સંભાળતાં નાગરિકો જે આપણા સેવકો જ ખેડૂતનું અને ડેરી સભ્યોનું પશુપાલકોનું શોષણ પુષ્કળ પ્રમાણમાં કરે છે. આજની વધતી મોંઘવારી આધારિત ખેડૂતો સાબર ડેરી સામે યોગ્ય ભાવ મળે તો અમારું જીવન ગુજરાન બોજારૂપ ન બને તેવી માંગ સાથે ઊભા હતા તે સામે ટીયર ગેસ છોડતાં પશુપાલકનું મૃત્યુ થયું. આ મૃત્યુ એક પશુપાલકનું નથી. આ મૃત્યુ મોંઘવારી સામે આરોગ્ય સામે સિસ્ટમ સામે જે નબળાઈ હતી તેનો જે અવાજ બન્યો તેનું મૃત્યુ કહી શકાય. સંવેદના ન હોય ત્યાં ભીખ માંગવી પણ નકામી તેવી જ રીતે પોતાના હકનું હોય તે માંગવા માટે અવાજ કરવામાં આવશે તો મૃત્યુ મળશે. ગુજરાતનાં ખેડૂત આજે પણ એકતામાં નથી જેના કારણે હકના દરવાજે ખેડૂતને મૃત્યુ મળે છે. એક ચર્ચાપત્રી તરીકે મૃત્યુ પામેલા ખેડૂતના આત્માને શાંતિ મળે.

**તાપી - હરીશ ચૌધરી**

### શું નાણાંમંત્રીની સત્તામાં કાપ મુકાશે?

તાજેતરમાં જી.એસ.ટી. ના દરમાં સરકાર દ્વારા ફેરફાર કરવાની વિચારણાના સમાચાર પ્રગટ થયા છે. આ કે અન્ય અગત્યના ફેરફાર માટે જરૂર પડ્યે પ્રધાનમંત્રી સાથે ચર્ચાવિચારણા બાદ જે તે બાબતો અંગે દેશના નાણાંમંત્રી દ્વારા જ નિર્ણયો લેવાતા હોય છે જેમાં અન્ય કોઇ પ્રધાનની દખલગીરી થતી નથી. પરંતુ હાલ આ દરોના માળખામાં ફેરફાર કરવાની વિચારણામાં દેશના ગૃહપ્રધાન પણ ભાગ લેશે. જી.એસ.ટી. દરોના આ સંભવિત ફેરફારથી લોકોને શું લાભ કે ગેરલાભ થાય છે એ તો સમય જ કહેશે પરંતુ સરકાર પ્રવર્તમાન દરોમાં જે ફેરફાર કરવા માંગે છે એથી રાજ્યોની આવકમાં ઘટાડો થવાની શક્યતાને કારણે ઘણાં રાજ્યો આ દરોના ફેરફાર અંગે અસંમત થઇ શકવાની શક્યતાને જોતાં નાણાં મંત્રાલયના આ કાર્યમાં ગૃહપ્રધાન રાજ્યોનાં મુખ્ય પ્રધાનો સાથે સીધી ચર્ચા કરશે. આ સમાચાર પ્રગટ થતાં વિચાર આવ્યો કે શું નિર્મલા સીતારમણ જે નાણામંત્રી છે એમની કાર્યક્ષમતા અંગે શંકા હોવાના કારણે ગૃહપ્રધાનને રાજ્યો સાથે વાટાઘાટ કરી સર્વસંમતિ મેળવવાના આશયથી એમને આ જવાબદારી સોંપાઈ હોય? કે પછી નાણાંમંત્રીની બિનકાર્યક્ષમતા ઉજાગર કરી એમને હટાવવાના ભાગરૂપે આ નિર્ણય લેવાયો હોય. હાલનાં નાણાંમંત્રીએ આ બાબત અંગે કોઈ પ્રતિભાવ આપ્યો હોય એવું પણ જણાતું નથી.

**પાલ, સુરત – હિતેન્દ્ર ભટ્ટ**

### ઘોડા છૂટી ગયા પછી તબેલાને તાળાં

આપણી ગુજરાતી ભાષામાં એક કહેવત છે કે ઘોડા છૂટી ગયા પછી તબેલાને તાળું મારવું. માનવસર્જિત આપત્તિઓમાં અનેક વખત આવું બને છે. અમદાવાદમાં પ્લેન દુર્ઘટના થઈ કે તરત જ કમિટી બને, અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવે, રિપોર્ટ બનાવે- અહેવાલ આવે અને પછી કંઈ બન્યું ન હોય તેમ બીજી દુર્ઘટનાની રાહ જોવામાં આવે છે. લાચાર પ્રજા અસલામતીના માહોલમાં જીવન ગુજારવા મજબૂર બને છે. મુજપુર-ગંભીરા પુલ દુર્ઘટના બની કે તરત જ રાજ્યના મુખ્યમંત્રી દ્વારા રાજ્યના તમામ પુલોની સઘન ચકાસણી કરવાના આદેશ આપી દેવામાં આવ્યા. બ્રીજ ચકાસણીના અહેવાલ તૈયાર થયા પછી એ રિપોર્ટ ધૂળ ખાતો પડી રહે અને બ્રિજ રીપેરીંગનું કાર્ય નહીં થાય તો રિપોર્ટનો અર્થ શું? જવાબદાર અધિકારીઓને કડકમાં કડક સજા નહીં થશે ત્યાં સુધી આવી માનવસર્જીત આપત્તિ બનતી જ રહેશે. આપણા દેશમાં એકાઉન્ટબિલિટી નક્કી થતી નથી અને થાય છે તો તેના પર એકદમ હળવા કહી શકાય તેવા એક્શન લેવામાં આવે છે. લોકોને હવે કાયદાનો ડર રહ્યો જ નથી. આવી દુર્ઘટના ભ્રષ્ટ વહીવટીતંત્રની આપણને પ્રતીતિ કરાવે છે.

દુર્ઘટનામાં અનેક નિર્દોષ નાગરિકો પોતાની જિંદગી ગુમાવે છે તેમને માટે આર્થિક સહાય જાહેર કરી નેતાઓ મગરના આંસુ સારે છે. આઝાદીનાં 75 વર્ષ પછી પણ આપણે એકડે એકથી દરેક કામમાં પ્રારંભ કરવો પડે એવું લાગી રહ્યું છે. લોકશાહી હોવા છતાં પ્રજા બિચારી લાચાર બની ગઈ છે. ચોમાસામાં નેશનલ હાઈવે પર પણ મોટા મોટા ખાડાઓ વ્યાપક પ્રમાણમાં ભ્રષ્ટાચારની ચાડી ખાય છે.

**નવસારી - ડૉ. જે. એમ. નાયક**

### 'સફારી'ને લાગ્યું ખગ્રાસ ગ્રહણ

ગુજરાતી ભાષાના જ્ઞાન-વિજ્ઞાનના અવિરત ૪૦ ઉપર વર્ષોથી પ્રકાશિત 'સફારી' સામયિકની સફર, વાચકોના અભાવે જૂન, ૨૦૨૫ના અંતિમ અંક સાથે આશ્ચર્ય અચરજપૂર્વક અંત પામી. સફારી તંત્રીશ્રી નગેન્દ્ર વિજય પાસે અઘરા ગણાતા ઈતિહાસ તથા વિજ્ઞાન વિષયને ગુજરાતી ભાષામાં રસાળ તથા સરળ રીતે પીરસવાની સુંદર કળા છે, જે કળા વર્ષોવર્ષ સફારી થકી ગુજરાતીઓને મળતી રહી. પણ, સ્માર્ટ ફોનમાં સસ્તા ડેટા થકી સોશ્યલ મિડિયાને સ્ક્રોલ કરવામાં, ઓનલાઈન ગેમ રમવામાં સમાજે વાચકો ગુમાવ્યાં અને અનેક લેખકો, પ્રકાશકોને, પુસ્તકો, સામયિકો કેમ છાપવાં-છપાવવાં અને આજના મોંઘવારીના સમયે પ્રકાશનના બે છેડા ભેગા કરવામાં અતિશય તકલીફ વેઠવાનો વખત આવ્યો. જેમાં 'સફારી'ની સફર પણ અનેક બંધ થતાં સામયિકોની જેમ સમાપ્ત થઈ ગઈ. આ બાબત દુ:ખદ છે, વિચારવા લાયક છે અને સમાજ માટે લાલબત્તી સમાન છે. આપણે આવા વિષયે ખૂબ સાવધાન થઈ વિચારવાની તાતી જરૂર છે કે, આવાં બંધ થતાં પુસ્તકો, સામયિકો માટે આપણે શું કરવું, ક્યારે કરવું અને કેમ કરવું. સવાલ પેઢીને માનસિક રીતે ફળદ્રુપ બનાવવા કે ગુલામ બનાવવા તેના નિર્ણય વિશેનો છે. વિચારજો.

**સુરત- મોહમ્મદ સાબીર ગાડીવાલા**

### ચૌટા પુલનું રીપેરીંગ ઈમરજન્સી

શહેરના રાજમાર્ગ એવા સુરત ડિસ્ટ્રીક્ટ બેન્કની બાજુમાં આવેલો ચૌટા પુલ ઓવરબ્રિજની વર્તમાન સ્થિતિ ખૂબ જ જર્જરિત અને જોખમી છે.

હજુ પણ આ પુલની ઉપર અનેક ભારે વાહનો અને સેંકડો રાહદારીઓ પુલની ઉપર અને નીચેની તરફ અવરજવર કરતાં હોય છે. પુલની સ્થિતિનું નિરીક્ષણ કરતાં એસ.એમ.સી.ના સંબંધિત અધિકારીઓ અને સત્તાધીશો લોકહિતમાં તાત્કાલિક યુધ્ધના ધોરણે આ પુલની મજબુતાઈ માટે જરૂરી રીપેરીંગની કાર્યવાહી કરે એ જરૂરી બન્યું છે.

નહીં તો કોઈ મોટી દુર્ઘટના પણ બની શકે એમ છે. નિયમ એવો છે કે શહેરમાં સ્થાપિત દરેક પુલોની એક ચોક્કસ સમયમર્યાદા હોય છે. એ મર્યાદા પૂરી થતાં એસ.એમ.સી.નાં સત્તાધીશો-અધિકારીઓએ પુલોનું નિરીક્ષણ કરીને તેનો વર્તમાન સ્ટ્રક્ચરલ રીપોર્ટ આપવાનો હોય છે. શું આ નિયમનું યોગ્ય રીતે પાલન થાય છે ખરું?

**મોટા મંદિર, સુરત - રાજુ રાવલ**